"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.	તા: ૧૧/૦૨/૨૦૧૭

તંત્રી શ્રી, ____________________	સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નિલેશ માંડલેવાળા

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## સુરતમાંથી ૧૩૧ મીનીટમાં આઠમું હૃદય મુંબઈ, મહારાષ્ટ્રમાં ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું

## મોઢપટણી ઘાંચી સમાજના બ્રેનડેડ શૈલેષભાઈ મનહરલાલ ગોટલાવાલાના અંગોનું દાન કરી ચાર વ્યક્તિઓને નવું જીવન અને બે વ્યક્તિઓને નવી રોશની આપી

## ગોટલાવાલા પરિવારે સમાજને નવી દિશા બતાવી.

નામ: શૈલેષભાઈ મનહરલાલ ગોટલાવાલા ઉ. વ. ૪૮ બ્લડ ગ્રુપ: B+VE

ટેક્ષટાઈલ માર્કેટમાં આવેલ એસ. આર. ટેક્ષ માં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા.

રહેવાસી: ૧૭૯, રણછોડજી પાર્ક સોસાયટી, કંતારેશ્વર મહાદેવની પાછળ, કતારગામ, સુરત.

કૌટુંબિક વિગત : પત્ની : જ્યોત્સનાબેન શૈલેષભાઈ ગોટલાવાલા ઉ. વ. ૪૨

પુત્રીઓ : ૧. દિવ્યા શૈલેષભાઈ ગોટલાવાલા ઉ. વ.૨૨
સરસ્વતી મેડીકલ સ્ટોરમાં ફરજ બજાવે છે.
૨. રૂચિકા શૈલેષભાઈ ગોટલાવાલા ઉ. વ. ૧૮

પુત્ર : સાગર શૈલેષભાઈ ગોટલાવાલા ઉ. વ. ૧૫
કતારગામમાં આવેલ શીશુવિહાર હાઈસ્કૂલમાં ધોરણ ૧૧ માં અભ્યાસ કરે છે.

૨...

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



**<u>બનાવની વિગત:</u>**

સોમવાર તા: ૦૬ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ શૈલેષભાઈ ભટારથી રાત્રે ૮:૦૦ કલાકે પોતાને ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે એકાએક પ્રેશર વધી જતા તેઓ પોતાના બાઈક ઉપરથી નીચે ઉતરી બેસી ગયા હતા અને બેભાન થઇ ગયા હતા. તેથી આજુબાજુના લોકોએ તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બુલન્સમાં યુનિક હોસ્પીટલમાં દાખલ કર્યા અને તેમના મોબાઇલમાંથી તેમના પરિવારને ફોન કરી શૈલેષભાઈના તબિયત અંગેની જાણકારી આપી. પરિવારના સૌ સભ્યો હોસ્પીટલ પહોંચી ડોકટરો સાથે શૈલેષભાઈના તબિયત વિશેની ચર્ચા કરી, ડોકટરોએ તેમને CT સ્કેન કરાવવાની સલાહ આપી. CT સ્કેન કરાવતા તેના રીપોર્ટમાં લોહીની નસો ફાટી જવાથી મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. આથી ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહે રાત્રે ૧૨:૦૦ કલાકે કેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો.

ગુરુવાર તા.૦૯ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ તેઓને યુનિક હોસ્પીટલથી મહિધરપુરા, કુંવરશીંગની શેરીમાં આવેલ બુરહાની હોસ્પીટલમાં બપોરે ૩:૦૦ કલાકે ડૉ. ઉમેશ શાહની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

શુક્રવાર તા: ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડો. પરેશ ઝાંઝમેરા અને ફીઝીશ્યન ડો. ઉમેશ શાહે શૈલેષભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

ડૉ. મુકેશ આરીવાલાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી શૈલેષભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી શૈલેષભાઈના કાકા બાબુભાઈ છબીલદાસ ગોટલાવાલાની સાથે રહી શૈલેષભાઈના પત્ની જ્યોત્સનાબેન, ભાઈ વિજયભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશન અંગેની જાણકારી આપી, ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

શૈલેષભાઈના પત્ની જ્યોત્સનાબેન, ભાઈ વિજયભાઈ, કાકા બાબુભાઈ અને પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે આમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે અને તેમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેના અંગોનું દાન

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014




કરીને કિડની, લિવર અને હૃદય નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળે તે માટે આપ આગળ વધો. તદઉપરાંત તેઓએ સમાજના દરેક લોકોને અપીલ પણ કરી હતી કે આ એક ઈશ્વરીય કાર્ય છે, જયારે પણ કોઈકના પરિવારમાં બ્રેનડેડ થાય તો તેઓના અંગોનું દાન કરી ઓર્ગન નિષ્ફળતા દર્દીઓને નવજીવન આપવા માટે આગળ આવવું જોઈએ.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નિલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કૉ.ઓર્ડિનેટર પ્રિયાબેન શાહનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું જયારે હૃદયના દાન માટે અમદાવાદમાં આવેલ સ્ટર્લીંગ હોસ્પીટલ અને CIMS હોસ્પીટલનો સંપર્ક કર્યો પરંતુ ત્યાં હૃદય ટ્રાન્સપ્લાન્ટ માટેના દર્દી ન હોવાના કારણે હૃદયના દાન માટે મુંબઈ ZTCC ના ટ્રાન્સપ્લાન્ટ કૉ.ઓર્ડિનેટર ઉર્મિલાનો સંપર્ક કર્યો.

મુંબઈની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમે આવી હૃદયનું દાન સ્વીકાર્યું, અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી કિડની અને લીવર દાન સ્વીકાર્યું, જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલું હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ વિઠ્ઠલ જાદવ ઉ. વ. ૩૬, ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ દ્વારા ફોર્ટીસ હોસ્પિટલ, મુલુન્ડ ખાતે હાલમાં ચાલી રહ્યું છે, જેમને ૮મી ફેબ્રુઆરીથી વેન્ટીલેટર સપોર્ટ અને ECMO ઉપર મુકવામાં આવ્યા હતા, જો ૧૦ દિવસમાં તેમને હૃદય ન મળતે તો તેમનું મૃત્યુ નક્કી જ હતું. તેઓ પોસ્ટ નિમ્બગામ, કેટકી, તાલુકા ઇન્દાપુર, જીલ્લો પુણાના રહેવાસી છે.

દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે કરવામાં આવશે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં શૈલેષભાઈના પત્ની જ્યોત્સનાબેન, ભાઈ વિજયભાઈ, પુત્રીઓ દિવ્યા અને રૂચિકા, પુત્ર સાગર, કાકા બાબુભાઈ, પિતરાઈભાઈ ફણાલ, ઉમેશ અને સમગ્ર ગોટલાવાલા પરિવાર, ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડો. પરેશ ઝાંઝમેરા, ફીઝીશ્યન ડો. ઉમેશ શાહ,

૪...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



સર્જન ડૉ. પીયુષ અનાજવાલા, બુરહાની હોસ્પીટલના ટ્રસ્ટી શબ્બીરભાઈ ડુંગરપુરવાલા તથા અન્ય સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, CEO નીરવ માંડલેવાલા, દેવેશ ભરૂચા, ડેનીશ સતાસિયા, સુભાષ જોધાણી, ધવલ પ્રજાપતિ, જીતેન્દ્ર મોરે અને મયુર પામક નો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૮૭ કિડની, ૭૧ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૮ હૃદય અને ૧૬૬ ચક્ષુઓનો દાન મેળવીને ૪૩૫ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

મહિધરપુરાની બુરહાની હોસ્પીટલ થી સુરત એરપોર્ટ સુધીના માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીનો સહકાર સાંપડ્યો હતો. હાલમાં સુરત એરપોર્ટના રન વે ના મેન્ટેનન્સ કાર્ય ચાલતું હોવાથી એરપોર્ટ સવારે ૧૧:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક દરમિયાન કોઈ પણ ટેકઓફ કે લેન્ડીંગ માટે બંધ હોવા છતાં સુરત એરપોર્ટ ઓથોરીટીના ડાયરેક્ટર પ્રમોદ કુમાર ઠાકરેના સહકારથી હેલિકોપ્ટરના ટેકઓફ માટે પરવાનગી આપવામાં આવી હતી.

<u>કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ</u>

૧. રાત્રે ૧૦:૨૧ કલાકે ડૉ. મુકેશ આરીવાલાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી શૈલેષભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

૨. રાત્રે ૧૧:૩૭ કલાકે નિલેશ માંડલેવાલાએ હોસ્પીટલ પહોચી શૈલેષભાઈના પત્ની જ્યોત્સનાબેન અને પરિવારના અન્ય સભ્યો સાથે કાઉન્સીલીંગ શરૂ કર્યું.

૩. રાત્રે ૧૨:૫૦ કલાકે નિલેશ માંડલેવાલાએ IKDRC ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

૫...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



૪. રાત્રે ૦૧:૨૮ કલાકે નિલેશ માંડલેવાલાએ અમદાવાદની સ્ટેર્લીંગ હોસ્પીટલના ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. તુષાર પટેલનો સંપર્ક કરી હૃદયનું દાન લેવા આવવા માટે જણાવ્યું

૫. રાત્રે ૦૨:૩૩ કલાકે નિલેશ માંડલેવાલાએ અમદાવાદની CIMS હોસ્પીટલના ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. ધવલ નાયકનો સંપર્ક કરી હૃદયનું દાન લેવા આવવા માટે જણાવ્યું

૬. રાત્રે ૦૩:૧૮ કલાકે અમદાવાદની સ્ટેર્લીંગ હોસ્પીટલ અને CIMS હોસ્પીટલમાં હૃદય ટ્રાન્સપ્લાન્ટ ના દર્દી ન હોવાને કારણે મુંબઈની ZTCC ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર ઉર્મિલાનો સંપર્ક કરી હૃદયનું દાન લેવા આવવા માટે જણાવ્યું

૭. રાત્રે ૦૩:૨૫ કલાકે ZTCC ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર ઉર્મિલાએ જણાવ્યું કે હૃદય ફોર્ટિસ હોસ્પીટલને ઓફર કરવામાં આવ્યું છે.

૮. રાત્રે ૦૩:૨૯ કલાકે ફોર્ટીસ હોસ્પીટલના ચેતન સુરાનીનો સંપર્ક કરી હૃદય લેવા આવવા માટે જણાવ્યું.

૯. સવારે ૦૮:૩૦ કલાકે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. સુરેશ કુમાર અને તેમની ટીમ બે કિડની અને લીવરનું દાન સ્વીકારવા અમદાવાદ થી સુરત આવી.

૧૦. ૧૧:૧૦ કલાકે મુંબઈ ની ફોટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડો. અનવય મુલે અને તેમની ટીમે હૃદય નું દાન સ્વીકારવા મુંબઈ થી સુરત આવી.

૧૧. ૧૧:૪૫ કલાકે કેડેવર ઓર્ગન ડોનર શૈલેષભાઈ મનહરલાલ ગોટલાવાલાને ઓપરેશન થીએટરમાં શીફ્ટ કર્યા.

૧૨. ૦૨:૩૭ કલાકે મુંબઈ ની ફોટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ હૃદય નું દાન સ્વીકારી બુરહાની હોસ્પીટલ થી સુરત એરપોર્ટ જવા રવાના થયા.

૧૩. ૦૨:૫૭ કલાકે ચીફ કાર્ડિયાક સર્જન ડો. ડો. અન્વય મુલે અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.

૬...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



૧૪. ૦૩:૦૫ કલાકે સુરત એરપોર્ટ થી હેલિકોપ્ટરમાં ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ હૃદય લઇ મુંબઈ જવા રવાના થયાં.

૧૫. ૦૪:૧૬ કલાકે ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટ પહોચ્યા.

૧૬. ૦૪:૨૧ કલાકે ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટથી મુલુન્દ ફોર્ટીસ હોસ્પીટલ જવા રવાના થયા.

૧૭. ૦૪:૪૮ કલાકે ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ મુલુન્દ ફોર્ટીસ હોસ્પીટલના ઓપરેશન થીએટરમાં દાખલ થયા અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ હાલમાં વિઠ્ઠલ જાદવ ઉ. વ. ૩૬માં હાલમાં ચાલી રહ્યું છે, જેમને ૮મી ફેબ્રુઆરીથી વેન્ટીલેટર સપોર્ટ અને ECMO ઉપર મુકવામાં આવ્યા હતા, જો ૧૦ દિવસમાં તેમને હૃદય ન મળતે તો તેમનું મૃત્યુ નક્કી જ હતું. તેઓ પોસ્ટ નિમ્બગામ, કેટકી, તાલુકા ઇન્દાપુર, જીલ્લો પુણાના રહેવાસી છે.

ભારતમાં ૧૯૯૪માં પહેલું હૃદય નું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. મુંબઈ ફોર્ટીસ હોસ્પીટલમાં હૃદય નું ૩૮મુ ટ્રાન્સપ્લાન્ટ છે. છેલ્લા ૧૪ મહિનામાં સુરતમાંથી હૃદય મહારાષ્ટ્રમાં ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ આઠમો કિસ્સો છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961